ISSN 2454-8596
www.vidhyayanaejournal.org

An International Multidisciplinary Research e-Journal

# પ્રાથમિક શાળાકક્ષાએ સમાજવિદ્યા વિષયનાં અધ્યાપન માટે શ્રાવ્ય–સામગ્રીનું નિર્માણ અને તેની અસરકારકતા

**પ્રા. નિલેશભાઈ આર. પટેલ**
M.A., B.Ed., M.Ed., Phil
એસ.જે. ઠક્કર બી.એડ્. કોલેજ, રાજકોટ

## ABSTRACT

પ્રસ્તુત અભ્યાસનો ઉદ્દેશ ઓડિયો ટ્યુટોરિયલ સ્વરૂપ શ્રાવ્ય સામગ્રી કાર્યક્રમની સંરચના અને તેના દ્વારા થતાં અધ્યાપન કાર્યની વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર થતી અસર ચકાસવાનો હતો. પ્રયોજકે તે માટે સમાજવિદ્યા વિષયમાં ધોરણ–૫ માં 'સિકંદર અને પુરુ' ધોરણ–૬ માં 'ગ્રાહક–સુરક્ષા' એ બે પ્રકરણોના અધ્યાપન માટે ઓડિયો ટ્યુટોરિયલ શ્રાવ્ય શિક્ષણ કાર્યક્રમની રચના કરી હતી. શૈક્ષણિક સિદ્ધિના માપન માટે શિક્ષક રચિત બે ઉત્તર કસોટી એનું નિર્માણ કર્યું હતું.

ઓડિયો ટ્યુટોરિયલ શ્રાવ્ય–સામગ્રીની સંરચના કર્યા બાદ પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોગની અજમાયશ રાજકોટ જિલ્લાની ગ્રાન્ટેડ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ–૫, ૬ ના વિદ્યાર્થીઓના બે–બે જૂથો પર કરવામાં આવી હતી. બે જૂથ પૈકી એક જૂથ પ્રાયોગિક જૂથ હતું. જયારે બીજુ નિયંત્રિત જૂથ હતું. પ્રાયોગિક જૂથને શ્રાવ્ય અધ્યાપન સામગ્રીનો અભ્યાસ કરાવવામાં આવ્યો હતો. જયારે નિયંત્રિત જૂથને પરંપરાગત પદ્ધતિથી અભ્યાસ કરાવવામાં આવ્યો હતો. આમ કુલ ચાર પ્રયોગ કરવામાં આવ્યા હતા. બે જૂથ યાદચ્છિક પાત્રો માત્ર ઉત્તર કસોટી યોજના અંતર્ગત પ્રયોગ હાથ ધર્યો હતો.

પ્રયોગકાર્યને અંતે બન્ને જૂથના વિદ્યાર્થીઓને શિક્ષક રચિત ઉત્તર કસોટી આપવામાં આવી હતી. પાત્રોએ મેળવેલ ઉત્તર–કસોટી પરનાં ગુણોની સરાસરી, પ્રમાણ વિચલન અને ટી–મૂલ્ય શોધવામાં આવ્યા હતા. તેમજ પ્રયોગની પ્રાપ્ત માહિતીના આધારે અંકશાસ્ત્રીય પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

# પ્રાથમિક શાળાકક્ષાએ સમાજવિદ્યા વિષયનાં અધ્યાપન માટે શ્રાવ્ય–સામગ્રીનું નિર્માણ અને તેની અસરકારકતા

VIDHYAYANA

### ૧.૦ પ્રસ્તાવિક

વિજ્ઞાન ટેકનોલજિના વિકાસના પરિણામ સ્વરૂપે વિવિધ પ્રકારના ઈલેકટ્રોનિકસ સાધનો આપણને સુલભ થયાં છે. જેમાં ટેલિવિઝન, વી.સી.આર., વિડિયો કેમેરા, ટેપરેકોર્ડર, રેડિયો, કમ્પ્યૂટર્સ, ઈન્ટરનેટ, ઈ–મેઈલ વગેરે... મનોરંજન વ્યવસાય અને કેટલેક અંશે શિક્ષણમાં તેનો ઉપયોગ થતો રહ્યો છે. આધુનિક સમયમાં શિક્ષણના વિકાસ માટે વિકાસશીલ દેશોમાં ઘણી બધી પદ્ધતિ અને પ્રયુકિતઓ અસરકારક બની રહી છે. ભારતમાં ટેકનોલજિનો ઉપયોગ હજુ પ્રાયોગિક અવસ્થામાં છે. ભારતના મોટાભાગના વર્ગખંડોમાં શૈક્ષણિક ટેકનોલજિનો સાહજિક રીતે વિનિયોગ થતો જોવા મળતો નથી.

હવે ધીમે–ધીમે આપણે અધ્યયન–અધ્યાપનની બાબતમાં નવી–નવી પદ્ધતિમાં અમલમાં મુકવા માંડયા છીએ. સસ્તી ટેકનોલજિનાં ઉપયોગ દ્વારા આપણે શિક્ષણમાં પણ હવે વૈકલ્પિક વ્યવસ્થા તરીકે ઓડિયો ટેપ, રેડિયો જેવા શ્રાવ્યા સાધનો વિકસાવી રહ્યાં છીએ.

શ્રાવ્ય સાધન તરીકે ટેપ રેકોર્ડરનો ઉપયોગ શાળામાં થઈ શકે. કારણ કે ટેપ રેકોર્ડર શાળામાં મેળવવું શકય છે. તેની કિંમત ન વી છે. ઓડિયો કેસેટ મેળવવી તથા બનાવવી પણ પ્રમાણમાં સરળ છે. ઈલેકટ્રીક પાવર વિના બેટરીથી પણ ચાલતું સાધન છે. તેથી શ્રાવ્ય માધ્યમનો ઉપયોગ કરીને શિક્ષણકાર્ય કરાવવું આપણને પોસાય તેમ છે.

શૈક્ષણિક ટેકનોલજિના આવિષ્કારોનો લાભ શાળાકક્ષાએ સામાન્ય વર્ગ શિક્ષણમાં મેળવી શકાય તે હેતુથી સમાજવિદ્યા વિષયમાં ઓડિયો ટઠેકનોલજિનાં ક્ષેત્રે કાર્ય કરવાનું પ્રયોજકને ઉચિત લાગ્યું હતું. આથી ઓડિયો ટયુટોરિયલ સ્વરૂપે શ્રાવ્ય સામગ્રી ઓડિયો કેસેટ વિકસાવવાનું કાર્ય હાથ પર લીધું હતું.

## ૨.૦ અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે પ્રમાણેના હતા.

૧. ધોરણ ૫ ના સમાજવિદ્યા વિષય પર આધારિત 'સિકંદર અને પુરુ' પ્રકરણના અધ્યાપન માટે ઓડિયો ટયુટોરિયલ સ્વરૂપે શ્રાવ્ય–સામગ્રી ઓડિયો કેસેટની સંરચના કરવી.

૨. ધોરણ ૬ ના સમાજવિદ્યા વિષય પર આધારિત 'ગ્રાહક–સુરક્ષા' પ્રકરણના અધ્યાપન માટે ઓડિયો ટયુટોરિયલ સ્વરૂપે શ્રાવ્ય–સામગ્રી ઓડિયો કેસેટની સંરચના કરવી.

૩. ધોરણ ૫ ના સમાજવિદ્યા વિષય પર આધારિત 'સિકંદર અને પુરુ' પ્રકરણનાં અધ્યાપના માટે તૈયાર કરેલ શ્રાવ્ય સામગ્રીની અસરકારકતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનાં સંદર્ભમાં તપાસવી.

૪. ધોરણ ૬ ના સમાજવિદ્યા વિષય પર આધારિત 'ગ્રાહક–સુરક્ષા' પ્રકરણનાં અધ્યાપન માટે તૈયાર કરેલ શ્રાવ્ય સામગ્રીની અસરકારકતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનાં સંદર્ભમાં તપાસવી.

## ૩.૦ અભ્યાસની ઉત્કલ્પનાઓ

પ્રસ્તુત અભ્યાસની સંશોધન ઉત્કલ્પના નીચે પ્રમાણે હતી.

૧. ધોરણ ૫ નાં સમાજવિદ્યાના 'સિકંદર અને પુરુ' પ્રકરણનું શ્રાવ્ય–સામગ્રી દ્વારા અભ્યાસ કરતા પ્રાયોગિક જૂથનાં વિદ્યાર્થીઓની ઉત્તર કસોટી પરની સરેરાશ શૈક્ષણિક સિદ્ધિ, પરંપરાગત પદ્ધતિથી અભ્યાસ કરતા નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની સરેરાશ શૈક્ષણિક સિદ્ધિ સાર્થક રીતે ઊંચી હશે.

૨. ધોરણ ૬ નાં સમાજવિદ્યાનાં 'ગ્રાહક–સુરક્ષા' પ્રકરણનું શ્રાવ્ય–સામગ્રી દ્વારા અભ્યાસ કરતા પ્રાયોગિક જૂથનાં

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research e-Journal

વિદ્યાર્થીઓની ઉત્તર કસોટી પરની સરેરાશ શૈક્ષણિક સિદ્ધિ, પરંપરાગત પદ્ધતિથી અભ્યાસ કરતા નિયંત્રિત જૂથનના વિદ્યાર્થીઓની સરેરાશ શૈક્ષણિક સિદ્ધિ સાર્થક રીતે ઊંચી છે.

સંશોધન ઉત્કલ્પનાઓને અંકશાસ્ત્રીય રીતે ચકાસવા માટે તફાવત નહીં હોય તેવો શૂન્ય ઉત્કલ્પનામાં ફેરવવામાં આવી હતી.

પ્રસ્તુત અભ્યાસની શૂન્ય ઉત્કલ્પના આ પ્રમાણેની હતી.


૧. ધોરણ ૫ નાં સમાજવિદ્યાનાં 'સિકંદર અને પુરુ' પ્રકરણનું શ્રાવ્ય–સામગ્રી દ્વારા અભ્યાસ કરતા પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓની ઉત્તર કસોટી પરની સરેરાશ શૈક્ષણિક સિદ્ધિ, પરંપરાગત પદ્ધતિથી અભ્યાસ કરતા નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની સરેરાશ શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

૨. ધોરણ ૬ નાં સમાજવિદ્યાના 'ગ્રાહક સુરક્ષા" પ્રકરણનું શ્રાવ્ય–સામગ્રી દ્વારા અભ્યાસ કરતા પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓની ઉત્તર કસોટી પરની સરેરાશ શૈક્ષણિક સિદ્ધિ પરંપરાગત પદ્ધતિથી અભ્યાસ કરતા નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની સરેરાશ શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

## ૪.૦ અભ્યાસના ચલો

પ્રસ્તુત અભ્યાસમાં બે પ્રયોગો અને બે પ્રયોગનાં પુનરાવર્તન આમ કુલ ચાર પ્રયોગો હાથ ધરાયા હતા. આ દરેક પ્રયોગ દરમિયાન સમાયેલા ચલો આ પ્રમાણે હતા.

૪.૦.૧ સ્વતંત્ર ચલ. અધ્યાપન પદ્ધતિ એક એવો ચલ હતો કે જેને પ્રયોજકે શૈક્ષણિક સિદ્ધિ ચલમાં ફેરફાર લાવવા માટે લાગુ પાડેલો હતો. શૈક્ષણિક સિદ્ધિ ચલમાં ફેરફાર કરવા માટે ઉપયોગમાં લીધેલો ચલ સ્વતંત્ર ચલ હતો. પ્રસ્તુત અભ્યાસમાં અધ્યાપન પદ્ધતિ એ સ્વતંત્ર ચ હતો. જેની બે કક્ષાઓ હતી.




૪.૦.૨ પરતંત્ર ચલ. પ્રસ્તુત અભ્યાસમાં અધ્યાપન પદ્ધતિની અસરકારકતાનું માપન શૈક્ષણિક સિદ્ધિનાં સંદર્ભમાં કરવાનું હોય સમાજવિદ્યા ધોરણ ૫, ૬ ના પસંદ કરેલ એક–એક પ્રકરણ પરની ઉત્તર એકમ કસોટી વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિને પરતંત્ર

ચલ તરીકે ગણી હતી. આમ શૈક્ષણિક સિદ્ધિ પરતંત્ર ચલ હતો.

૪.૦.૩ અંકુશિત ચલો. પ્રસ્તુત સંશોધનમાં સ્વતંત્ર ચલની અસર માપન માટે શૈક્ષણિક સિદ્ધિ પર અસર કરતા અન્ય ચલો પૈકીના નીચેના ચલો અંકુશિત કરવામાં આવ્યા હતા.

૧. અધ્યાપનનો સમયગાળો  ૨. શાળા પર્યાવરણ  ૩. વિષયવસ્તુ  ૪. જાતીયતા

૪.૦.૪ આંતરવતી ચલો. કેટલાક ચલો પ્રયોગ દરમિયાન પરતંત્ર ચલ શૈક્ષણિક સિદ્ધિ પર અસર કરતાં હોય તેવું લાગતું હતું. પરંતુ તેમને પ્રયોગમાં અંકુશિત કરી શકાયા ન હતા. જે આ પ્રમાણેના હતા.

૧. પ્રયોગનું નાવિન્ય

૨. જૂથો વચ્ચેની આંતરક્રિયા

૩. વિદ્યાર્થીઓનો આંતર વૈયકિતક તફાવત (બુદ્ધિ કક્ષા, વાચન ક્ષમતા....)

## ૫.૦ વ્યાપવિશ્વ

પ્રસ્તુત અભ્યાસની સમષ્ટિ વર્ષ ૨૦૦૪–૦૫ માં રાજકોટ જિલ્લાની માધ્યમની સરકારી ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ ૫, ૬ ના વિદ્યાર્થીઓ પુરતી સિમિત હતી.

## ૬.૦ નમૂના પસંદગી પ્રયુકિત

પ્રસ્તુત સંશોધનમાં પ્રયોજકે સહેતુક શાળાઓ પસંદ કરી નમૂનો પસંદ કરેલ હતો.

## ૭.૦ નમૂનો

પ્રસ્તુત અભ્યાસમાં ધોરણ ૫, ૬ ના સમાજવિદ્યા વિષયના પસંદિત એક–એક પાઠ પસંદ કરવામાં આવ્યા હતા.

### ૭.૦.૧ પ્રયોગની અજમાયશ માટેનો નમૂનો

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોગની અજમાયશ માટે રાજકોટ જિલ્લાની પ્રાથમિક શાળાના ધોરણ–૫ ના ચાર વર્ગો અને એની ૪૦ ની સંખ્યા હતી. અને ધોરણ–૬ ના ચાર વર્ગો અને ૪૦ ની સંખ્યા હતી.

### ૭.૦.૨ પ્રયોગનાં પુનરાવર્તન માટેનો નમૂનો

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

પ્રયોગનાં પુનરાવર્તન માટે પણ વેરાવળ તાલુકાની કાજલી ગામની પ્રાથમિક શાળાના ધોરણ–૫ ના ચાર વર્ગો અને ૩૯ ની સંખ્યા હતી. ધોરણ ૬ ના ચાર વર્ગો અને તેની ૪૦ ની સંખ્યા હતી. જેમાં આ બન્ને. ધોરણમાં વિદ્યાર્થિની બહેનોનો સમાવેશ કરેલ હતો. તેમજ યાદચ્છિક જૂથો બનાવવામાં આવ્યા હતા.

## ૮.૦ ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક સિદ્ધિ પર અધ્યાપન પદ્ધતિની અસીર તપાસવાની હતી તે માટે શૈક્ષણિક સિદ્ધિ માપન માટે ઓડિયો ટયુટોરિયલ શ્રાવ્ય સામગ્રી રચના કરવામં આવેલ હતી.

શૈક્ષણિક સિદ્ધિના માપન માટે એકમ કસોટીની રચના કરવામાં આવી હતી.

| ધોરણ | એકમનું નામ | પ્રશ્નોની સંખ્યા | ગુણ | પ્રશ્નોનો પ્રકાર |
|---|---|---|---|---|
| ૫ | સિકંદર અને પુરુ | ૨૫ | ૨૫ | પૂર્તિ પ્રકાર |
| ૬ | ગ્રાહક–સુરક્ષા | ૧૫ | ૧૫ | ,, |

## ૯.૦ સંશોધન યોજના

પ્રાયોગિક પ્રકારના આ સંશોધનમાં બે જૂથ માત્ર ઉત્તર કસોટી યોજનાનો અમલ કરવામાં આવ્યો હતો.

## ૧૦.૦ સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસની સંશોધન પદ્ધતિ પ્રાયોગિક સંશોધન પદ્ધતિ હતી.

## ૧૧.૦ માહિતીનું પૃથક્કરણ

પ્રસ્તુત અભ્યાસનો સ્વતંત્ર ચલ અધ્યાપન પદ્ધતિ હતો. જેને બે કક્ષાઓ (૧) ઓડિયો ટયુટોરિયલ, શ્રાવ્ય– સામગ્રી દ્વારા અધ્યાપન અને (૨) પરંપરાગત અધ્યાપન પદ્ધતિ દ્વારા શિક્ષણ.

અહીં શૈક્ષણિક સિદ્ધિ શિક્ષક રચિત ઉત્તર કસોટી પર વિદ્યાર્થીઓએ મેળવેલ પ્રાપ્તાંકો હતા. ઉત્તર કસોટીઓ પૈકી ધોરણ–૫ સમાજવિદ્યાનાં 'સિકંદર અને પુરુ' એ પ્રકરણની કસોટીમાં કુલ ૨૫ પ્રશ્નો હતા. અને મહત્તમ ગુણ મર્યાદા ૨૫ ની હતી. ધોરણ ૬ સમાજવિદ્યાના 'ગ્રાહક સુરક્ષા' પ્રકરણની કસોટીમાં કુલ ૧૫ પ્રશ્નો હતા અને મહત્તમ ગુણ મર્યાદા ૧૫ ની હતી.

માહિતી માપનની અંતરાલ કક્ષાઓ પ્રાપ્ત થઈ હતી. અભ્યાસમાં બે પ્રયોગ અને બે પ્રયોગનાં પુનરાવર્તન હાથ ધરવામાં આવ્યા હતા. આમ કુલ ચાર પ્રયોગ દરમ્યાન પ્રાપ્ત માહિતી પરથી પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના સિદ્ધિ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચેનાં તફાવતની સાર્થકતા ચકાસવામાં ટી–કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## ૧૨.૦ માહિતીનું અર્થઘટન

પ્રસ્તુત અભ્યાસમાં કુલ બે પ્રયોગો હાથ ધરવામાં આવ્યા હતા. પ્રત્યેક પ્રયોગનાં અંતે ઉત્તર કસોટી પર માહિતી મેળવવામાં આવી હતી. જેના આધારે જૂથો અનુસાર સરાસરી, પ્રમાણ વિચલન અને ટી–મૂલ્ય મેળવવામાં આવ્યા હતા.

ધોરણ અનુસાર પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ રજૂ કરવામાં આવેલું છે.

૧૨.૦.૧ ધોરણ ૫ પરના પ્રયોગનું પૃથક્કરણ, ધોરણ ૫ પરના પ્રયોગ દરમિયાન જૂથ અનુસાર પાત્રોની સંખ્યા ઉત્તર કસોટી પરની સરાસરી, પ્રમાણ વિચલન અને ટી–મૂલ્ય સારણી ૧૨.૦.૧ માં રજૂ કરેલ છે.

**સારણી ૧૨.૦.૧**

**ધોરણ ૫ પરના પ્રયોગ દરમિયાન જૂથ અનુસાર સરાસરી પ્રમાણ વિચાલન અને ટી–મૂલ્ય**

| જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | ટી–મૂલ્ય |
|---|---|---|---|---|
| નિયંત્રિત | ૨૦ | ૧૬.૬૫ | ૪.૩૨ | ૨.૪૪ |
| પ્રાયોગિક | ૨૦ | ૨૦.૦૫ | ૪.૪૯ | |

૦.૦૫ કક્ષાએ સાર્થક

બન્ને જૂથોની સરાસરીઓ વચ્ચે જોવા મળતા તફાવતનું ટી–મૂલ્ય ૨.૪૪ જે ૧.૯૬ કરતાં વધુ છે. આથી પ્રાપ્ત ટી–મૂલ્ય ૦.૦૫ કક્ષાએ સાર્થક છે. જે પ્રાયોગિક જૂથના તરફેણમાં છે.

આમ, ઓડિયો ટ્યુટોરિયલ સ્વરૂપ શ્રાવ્ય સામગ્રી દ્વારા 'સિકંદર અને પુરુ' પ્રકરણનો અભ્યાસ કરતા પ્રાયોગિક જૂથની શૈક્ષણિક સિદ્ધિ પરંપરાગત પદ્ધતિથી અભ્યાસ કરતા નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની સરેરાશ શૈક્ષણિક સિદ્ધિ કરતાં ચડીયાતી હતી. શ્રાવ્ય સામગ્રી દ્વારા અભ્યાસ કરતાં જૂથના વિદ્યાર્થીઓ પરંપરાગત પદ્ધતિથી અભ્યાસ કરતા જૂથનાં વિદ્યાર્થીઓ કરતાં વધુ

ગુણ મેળવતા હતા.

૧૨.૦.૨ ધોરણ ૬ પરના પ્રયોગનું પૃથક્કરણ – ધોરણ ૬ પરનું પ્રયોગ દરમિયાન જૂથ અનુસાર પાત્રોની સંખ્યા ઉપર કસોટી પરના સરાસરી, પ્રમાણ વિચલન અને ટી–મૂલ્ય સારણી ૧૨.૦.૨ માં રજૂ કરેલ.

**સારણી ૧૨.૦.૨**

**ધોરણ ૬ પરના પ્રયોગ દરમિયાન જૂથ અનુસાર સરાસરી પ્રમાણ વિચાલન અને ટી–મૂલ્ય**

| જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | ટી–મૂલ્ય |
|---|---|---|---|---|
| નિયંત્રિત | ૨૦ | ૭.૨૦ | ૨.૨૯ | ૨.૨૨ |
| પ્રાયોગિક | ૨૦ | ૫.૫૦ | ૨.૫૪ | |

૦.૦૫ કક્ષાએ સાર્થક

સારણી ૧૨.૦.૨ નો અભ્યાસ કરતાં જણાય છે કે ધોરણ ૬ પરના પ્રયોગ દરમિયાન નિયંત્રિત જૂથના ૨૦ વિદ્યાર્થીઓની ઉત્તર કસોટી પરનાં પ્રાપ્તાંકોની સરાસરી ૭.૨૦ અને પ્રમાણ વિચલન ૨.૨૯ છે. જયારે પ્રાયોગિક જૂથના ૨૦ વિદ્યાર્થીઓની સરાસરી ૫.૫૦ અને પ્રમાણ વિચલન ૨.૫૪ છે. બન્ને જૂથોની સરાસરીઓ વચ્ચે જોવા મળતા તફાવતનું ટી–મૂલ્ય ૨.૨૨ જે ૧.૯૬ કરતા વધુ છે. આથી પ્રાપ્ત ટી–મૂલ્ય ૦.૦૫ કક્ષાએ સાર્થક છે.

આમ, ઓડિયો ટયુટોરીયલ સ્વરૂપ શ્રાવ્ય સામગ્રી દ્વારા ''ગ્રાહક–સુરક્ષા'' પ્રકરણનો અભ્યાસ કરતા પ્રાયોગિક જૂથની શૈક્ષણિક સિદ્ધિ પરંપરાગત પદ્ધતિથી અભ્યાસ કરતા નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની સરેરાશ શૈક્ષણિક સિદ્ધિ કરતા ચડીયાતી હતી. શ્રાવ્ય સામગ્રી દ્વારા અભ્યાસ કરતા જૂથના વિદ્યાર્થીઓ પરંપરાગત પદ્ધતિથી અભ્યાસ કરતા જૂથના વિદ્યાર્થીઓ કરતાં વધુ ગુણ મેળવ્યા હતા.

## ૧૩.૦ તારણો

પ્રસ્તુત અભ્યાસના માહિતીના અર્થઘટનના આધારે પ્રાપ્ત થયેલા તારણો આ પ્રમાણે હતા.

ધોરણ–૫ ના સમાજવિદ્યા વિષયના 'સિકંદર અને પુરુ' ધોરણ–૬ ના સમાજવિદ્યા વિષયના 'ગ્રાહક સુરક્ષા' વિષયના એકમોનાં અધ્યાપન માટે ઓડિયો–ટયુટોરિયલ સ્વરૂપ શ્રાવ્ય–શિક્ષણ કાર્યક્રમ અને પરંપરાગત વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનાં

સંદર્ભમાં સામાન્ય રીતે વધુ અસરકારક જોવા મળી હતી.

– પ્રાથમિક શાળા કક્ષાએ સમાજવિદ્યા વિષયના અધ્યાપન માટે રચેલ ઓડિયો–ટયુટોરીયલ સ્વરૂપ શ્રાવ્ય સામગ્રી. પરંપરાગત અધ્યાપન કરતા સાર્થક રીતે ચડીયાતી પુરવાર થઈ હતી.

– શ્રાવ્ય સામગ્રી–ઓડિયો ટયુટોરીયલ સ્વરૂપ હતી એટલે તેમાં વિદ્યાર્થીઓ માત્ર નિષ્ક્રીય શ્રોતા ન હતા વચ્ચે વચ્ચે યોગ્ય જગ્યાએ તેમના શ્રવણ અર્થગ્રહણની અભ્યાસ પત્રકો દ્વારા ચકાસણી પણ થતી હતી.

– આમ, વિદ્યાર્થીઓના પક્ષે પણ સક્રીયતા હતી અને ઓડિયો ટયુટોરીયલ સ્વરૂપ શ્રાવ્ય અધ્યાપન સામગ્રીની વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ ઊંચી લઈ જવામાં મદદરૂપ બની છે.

**સંદર્ભ સૂચિ**

**પુસ્તકો**

ઉચાટ, ડી.એ., જોષી, એચ.ઓ., દોંગા, એન.એસ. અને અનિલ અંબાસણા. સંશોધન અહેવાલનું લેખન શી રીતે કરશો ? રાજકોટ : નિજિજન સાયકો, ૧૯૯૪.

ઉચાટ, દિનેશચંદ્ર એ., સંશોધનનું સંદોહન, રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ૧૯૮૮.

ગુજરાત રાજય પાઠયપુસ્તક મંડળ, ધોરણ–૫ નું સમાજવિદ્યાનું પાઠયપુસ્તક, ગાંધીનગર. પ્રથમ આવૃત્તિ, ૧૯૯૭

ગુજરાત રાજય પાઠયપુસ્તક મંડળ, ધોરણ–૬ નું સમાજવિદ્યાનું પાઠયપુસ્તક, ગાંધીનગર. પ્રથમ આવૃત્તિ, ૧૯૯૭

**અપ્રકાશિત સાહિત્ય**

ભારથતી, યુ.બી., ઓડિયો ટયુટોરીયલ કાર્યક્રમની સંરચના અને અસરકારકતા, રાજકોટ : અપ્રકાશિત એમ.એડ્., લઘુશોધ નિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ૧૯૯૮.